વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, તાલાલા જી.ગીર સોમનાથ ચલાવવાની મંજૂરી સ્થગિત કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ક્રમાંક: WCDD/AWR/e-file/23/2022/1585/A

સચિવાલય,ગાંધીનગર,

તા.ઈ-સાઇન મુજબ

**વંચાણે લીધા:-**

(૧) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો હુકમ ક્રમાંક: કમબ/યોજના/વિવિધલક્ષી/૧૧૫૮૧ તા.૨૯.૦૯.૨૦૦૭.

(૨) જુનાગઢ જીલ્લા મહિલા મંડળનો તા.૧૧.૦૪.૨૦૨૫ના પત્ર

(૩) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: WCDWW/SMK/e-file/260/2023/0366/YOJNA-1, તા.૨૮.૦૭.૨૦૨૬

**પ્રસ્તાવના:-**

જુનાગઢ જીલ્લા મહિલા મંડળ સંસ્થાને તાલુકા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર , તાલાલા ચાલુ કરવાની મંજૂરી કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૧) સામે દર્શાવેલ હુકમથી આપવામાં આવેલી હતી. ત્યારબાદ આ સંસ્થા દ્વારા તેના વંચાણે લીધા ક્રમાંક (૨) સામે દર્શાવેલ પત્રથી તાલુકા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, તાલાલા સ્વેછાએ બંધ કરવા વિનંતી કરવામાં આવતાં, વંચાણે લીધા ક્રમાંક (૩) સામે દર્શાવેલ પત્રથી કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર દ્વારા જુનાગઢ જીલ્લા મહિલા મંડળ સંસ્થા દ્વારા સંચાલિત તાલુકા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, તાલાલા (જી.ગીર સોમનાથ)બંધ કરવાની દરખાસ્ત અત્રે કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**હુકમ:-**

જુનાગઢ જીલ્લા મહિલા મંડળને આપવામાં આવેલ તાલુકા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, તાલાલાનું સંચાલન કરવા માટેની મંજૂરી, આ હુકમ પ્રસિદ્ધ થયા તારીખથી સ્થગિત કરવામાં આવે છે.

આ હુકમ બાદ જુનાગઢ જીલ્લા મહિલા મંડળ ઉક્ત તાલુકા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર , તાલાલાને લગતી કોઇ કામગીરી કરી શકશે નહી અને આ કેન્દ્રને લગતી કોઇ ગ્રાન્ટ હુકમ તારીખથી ઉક્ત સંસ્થાને ચૂકવવાની રહેશે નહી પરંતુ આ હુકમ પ્રસિદ્ધ થયા તારીખ અગાઉ સંસ્થા દ્વારા ખરેખર કરેલ કામગીરીને લગતી કોઇ નાણાકીય બાબત બાકી હોય તો તે અંગે સત્વરે કાર્યવાહી હાથ ધરી તે કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીના મળેલ આદેશો અન્વયે બહાર પાડવામાં આવે છે.

નિર્વિશા પુરોહિત
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ :

- માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વ.હ.) મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી ,સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ,જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- પ્રમુખશ્રી, જુનાગઢ જીલ્લા મહિલા મંડળ, કાદરી મંઝીલ, લીમડા ચોક, જુનાગઢ
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:Nirvisha Purohit
Under Secretary
Date:2026.09.07
11:33:55 +5:30